# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) રાજ્યના નાગરિકોએ HMP વાઈરસથી ગભરાવવાની જરૂર ન હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું.

2) રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં હરઘર કનેક્ટિવિટી પહેલ અંતર્ગત રાહત દરે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઈન્ટરનેટ જોડાણ અપાશે.

3) કચ્છનાં ભુજમાં બોરવેલમાં ફસાયેલાં યુવતીનું બત્રીસ કલાક બાદ મોત નિપજ્યું

4) કૉસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટ ફાઉન્ડેશનની પરીક્ષામાં અમદાવાદનું 66.75 ટકા પરિણામ આવ્યું.

5) હવામાન વિભાગે આગામી 2 દિવસ બાદ ઠંડીમાંથી આંશિક રાહત મળવાની આગાહી કરી.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HMP VIRUS GANDHINAGAR

રાજ્યમાં કોઈ પણ વ્યક્તિએ HMP એટલે કે, હ્યુમન મેટાન્યૂમો વાઈરસથી ગભરાવવાની જરૂર નથી તેવું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર અગમચેતીના પગલાં લઈ રહી છે. અમદાવાદમાં જે હોસ્પીટલમાં HMP વાઈરસનો પ્રથમ કેસ નોંધાયો તેની આરોગ્ય વિભાગને જાણ ન કરવા બદલ તેને નોટીસ ફટકારવામાં આવી છે.

આ અંગે આરોગ્ય વિભાગના અધિક નિયામક ડૉ. નિલમ પટેલે વધુમાં આ મુજબ જણાવ્યું...

(બાઈટઃ ડૉ. નિલમ પટેલ, અધિક નિયામક, જાહેર આરોગ્ય)

ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં પણ નવો આઈસૉલેશન વૉર્ડ તૈયાર કરાયો છે. હૉસ્પિટલનાં અધિક્ષક મિતા પરીખે જણાવ્યું કે, આ વૉર્ડમાં 25 વૅન્ટિલેશન યંત્ર, PPE કિટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

દ્વારકાનાં અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, ખંભાળિયા સિવિલ હોસ્પિટલમાં HMP વાઈરસનાં દર્દીઓ માટે વિશેષ વોર્ડ શરૂ કરાયો છે.

આ તરફ મહીસાગરનાં અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, લુણાવાડા સિવિલ હૉસ્પિટલ ખાતે 50 પથારીવાળો ઑક્સિજન વૉર્ડ તૈયાર કરાયો છે. તેમજ ઑક્સિજન સંયંત્ર અને RTPCR પ્રયોગશાળા પણ કાર્યરત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGR POLICE BHARTI

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન-હથિયારી PSIની ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, પોલીસ વિભાગમાં 12 હજાર 472 જગ્યાઓ માટે હથિયારી PSI, લોકરક્ષક કેડરના પુરુષ અને મહિલાઓની આવતીકાલથી 31 જાન્યુઆરી સુધી શારીરિક કસોટી શરૂ થશે. પરીક્ષા દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓ ગ્રાઉન્ડ પર ઉપસ્થિત રહેશે. તમામ ગ્રાઉન્ડના મોનીટરીંગ માટે ગાંધીનગરમાં સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ બનાવાયો છે.

. . . . . . . . . . . . .

# DIGITAL GUJARAT SMART HOMES

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં બજાર કરતા ઓછા દરે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ટરનેટ કનેક્શન અને અન્ય વેલ્યુ એડેડ સર્વિસીઝ પૂરી પાડવામાં આવશે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ GFGNLએટલે કે, ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં અંદાજે 25 હજાર હર ઘર કનેક્ટિવિટી એટલે કે, ફાયબર ટુ હોમ પહેલ અંતર્ગત આ જોડાણ અપાશે. વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારીને આ પાયલટ પ્રોજેક્ટ તરીકે આ જોડાણ આપવાનું આયોજન કરાયું છે.

હર ઘર કનેક્ટિવિટી પહેલ અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ટેલિવિઝન મનોરંજન, યુટિલિટી બિલની ચૂકવણી, ડિજિટલ સર્વિસ સ્ટેક, ગવર્મેન્ટ ટૂ સિટિઝન્સ- G2C જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવાશે. ઉપરાંત ઑનલાઈન એજ્યુકેશન ઈ-એજ્યુકેશન, કૃષિ કે ખેતીવાડી માટે IoT સૉલ્યુશન્સ, ઈ-એગ્રિકલ્ચર, પશુપાલન સંલગ્ન માહિતી પ્રસારણ, આરોગ્ય માટે ઇ-હેલ્થ અને ટેલિ-મેડિસિન્સ જેવી સેવાઓ પણ ઘરબેઠા જ ઉપલબ્ધ થઈ શકશે. આ પહેલ દ્વારા ગ્રામીણ ઘરોને ડિજિટલી સશક્ત બનાવીને સ્માર્ટ હોમ્સમાં રૂપાંતરિત કરાશે.

. . . . . . . . . . . . .

# CREDAI SAMMELAN

કોન્ફડરેશન ઑફ રિઅલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઑફ ઇન્ડિયા એટલે કે, ક્રેડાઈ ગાંધીનગર દ્વારા 10 થી 12 જાન્યુઆરી ગાંધીનગરમાં ટ્રાઈ-સિટી પ્રોપર્ટી ફેસ્ટનું આયોજન કરાયું છે, જેમાં 65 ટોચના ડેવલપર્સ દ્વારા 120થી વધુ પરિયોજના દર્શાવવામાં આવશે. આ કાર્યક્રમમાં ઑન ધ સ્પૉટ હોમ લૉનની દરખાસ્ત, એક લાખ રૂપિયા સુધીની છૂટછાટ સાથે તાત્કાલિક રોકાણ, દર એક કલાકે લકી ડ્રૉ સહિતના આકર્ષણ પ્રદાન કરાશે. આ અંગે ક્રેડાઈ ગાંધીનગરના અધ્યક્ષ પ્રવિણ પટેલે માહિતી આપી હતી.

**(બાઈટઃ પ્રવિણ પટેલ, અધ્યક્ષ, ક્રેડાઈ ગાંધીનગર)**

. . . . . . . . . . . . .

# MSME JOINT SECRETARY

સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયના સંયુક્ત સચિવ આતિશકુમાર સિંહ આજે પંચમહાલના ગોધરા તાલુકા ખાતે પહોંચ્યા હતા. દરમિયાન તેમણે કલેક્ટર કચેરી ખાતે નીતિ આયોગ દ્વારા નક્કી કરાયેલા 39 માપદંડોનું ઘોઘંબા તાલુકાસ્તરે એસ્પિરેશનલ બ્લૉક પ્રૉગ્રામ અંતર્ગત સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરે આરોગ્ય, પોષણ, શિક્ષણ, ખેતી અને મૂળભૂત માળખાગત સુવિધાઓ, પીવાના પાણી, સ્વચ્છતા, નાણાકીય સર્વસમાવેશન અને સામાજિક વિકાસ જેવા માપદંડોની પ્રગતિ બાબતે પ્રેઝેન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# KUTCH BOREWELL

કચ્છના ભુજ તાલુકાના કંઢેરાઈ ગામમાં બોરવેલમાં ફસાયેલી યુવતીનું મોત નીપજ્યું છે. પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, સોમવારે સવારે 6 વાગ્યાની આસપાસ 540 ફૂટ ઊંડા બોરવેલમાં એખ યુવતી પડી ગઈ હતી. આજે આ યુવતીને બચાવી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જોકે, 32 કલાક સુધી બોરવેલમાં ફસાયેલાં મહિલાને જી. કે. જનરલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# Demolation

બગોદરા અને બરવાડા તરફથી બોટાદ જિલ્લામાં આવતાં માર્ગ સાળંગપુર રોડ પર ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ છે. જિલ્લાનાં પ્રાંત અધિકારી, મામલતદાર તેમજ પોલીસની ઉપસ્થિતિમાં દબાણ હટાવાયાં હતાં. આ અંગે બોટાદનાં પ્રાંત અધિકારી આરતી ગોસ્વામીએ માહિતી આપી હતી....

**(બાઇટ – આરતી ગોસ્વામી, બોટાદ પ્રાંત અધિકારી )**

. . . . . . . . . . . . .

# CHHOTAUDEPUR VIDYAVID AVSAN

છોટાઉદેપુર જિલ્લાનાં આદિવાસી સાહિત્ય અકાદમીનાં પ્રમુખ રેવાબેન તડવીનું અવસાન થયું છે. છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, રેવાબેન તડવી રાજ્યનાં સૌ પ્રથમ સ્ત્રી આદિવાસી વિદ્યાવિદ્ અને મૌખિક પરંપરાના સાહિત્યનાં સંશોધક-સંપાદક અને વાહક હતાં. તેમણે તેમનાં પતિ શંકરભાઈ તડવી સાથે 29 જેટલા પુસ્તક લખીને આદિવાસી સાહિત્યમાં મોટું યોગદાન આપ્યું હતું.

. . . . . . . . . . . . .

# ARVALLI VAHAN PRATIBANDH

અરવલ્લી જિલ્લામાં પસાર થતાં રાજ્ય રાજમાર્ગ પર ભારે વાહનોની અવરજવર પર ચાર ફેબ્રુઆરી સુધી પ્રતિબંધ લગાવાયો છે. જિલ્લા કલેક્ટરનાં જાહેરનામા મુજબ, વૈકલ્પિક વ્યવસ્થા માટે માર્ગને બદલી શામળાજીથી મોડાસા અને માલપુર-લુણાવાડા-ગોધરા થઈ વડોદરા જઈ શકાશે. આ પહેલા શામળાજીથી આવતા ભારે વાહનો, મોડાસાથી ધનસુરા અને બાયડ તેમજ નડીયાદથી પસાર થતાં હતા.

આ અંગે જિલ્લાનાં ASP સંજયકુમાર કેશવાલાએ આપી માહિતી.........

(બાઈટ -- સંજયકુમાર કેશવાલા, ASP, અરવલ્લી )

. . . . . . . . . . . . .

# NATIONAL ROAD SAFETY MONTH-2025-DANG

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫' ની ઉજવણી અંતર્ગત ડાંગ જિલ્લામાં ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ શાળાઓમાં ટ્રાફિક નિયમનનું માર્ગદર્શન પૂરું પડાયું તેમજ વ્યસન નિવારણ અને સાયબર છેતરપિંડી અંગે પણ બાળકોને માહિતગાર કરાયા. આ કાર્યક્રમમાં ટ્રાફિક પોલીસની ટીમ, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# CMA RESULT

કૉસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટ ફાઉન્ડેશનની પરીક્ષામાં અમદાવાદનું 66.75 ટકા પરિણામ આવ્યું છે. ડિસેમ્બરમાં લેવાયેલી પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરાતા 273 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે પશ્ચિમ ક્ષેત્રનું 61.93 ટકા પરિણામ આવતાં આ વર્ષે પરિણામ 11.6 ટકાથી 17.71 ટકા સુધી પહોંચ્યું છે.

અમદાવાદમાં પ્રથમ ક્રમાંક મેળવનારા પ્રિયાંશુ જૈને 400માંથી 362 ગુણ મેળવી 90.5 ટકા પરિણામ મેળવ્યું છે. જ્યારે બીજા ક્રમાંકનાં મયૂરી ચાવડાએ 400માંથી 350 ગુણ અને ત્રીજા ક્રમાંકે રહેલા હેત શાહે 400માંથી 336 ગુણ મેળવ્યા છે. અગાઉ જૂનમાં લેવાયેલી આ પરીક્ષામાં 51 વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR - GUJCET EXAM

ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા એટલે કે, ગુજકેટ 2025ની પરીક્ષા માટે ઑનલાઈન આવેદનપત્ર ભરવાની આજે છેલ્લી તારીખ છે. જોકે, હવે પછીથી વિદ્યાર્થીઓ એક હજાર રૂપિયાની લેટ ફી સાથે 15 જાન્યુઆરી સુધી WWW.GSEB.ORG તેમજ GUJCE.GSEB.ORG પર આવેદનપત્ર ભરી શકશે એમ ગુજરાત બૉર્ડની અખબારી યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી **2** દિવસ બાદ ઠંડીમાંથી આંશિક રાહત મળવાની આગાહી કરી છે. હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું કે, હાલમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી આવતા પવનોના કારણે રાજ્યના વિવિધ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન ઘટ્યું છે, જે હજી પણ આગામી **48** કલાક સુધી યથાવત્ રહેશે, પરંતુ ત્યારબાદ રાજ્યના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાઈ શકે છે. એટલે કે તાપમાનમાં વધારો થતા ની સાથે ઠંડીમાં આંશિક રાહત મળશે.

હાલમાં 6.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડુગાર શહેર રહ્યું છે.

. . . . . . . . . . . . .

# BULLETE TRAIN PROJECT

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ - 48 પર 210 મીટર લાંબા પુલનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

વલસાડના પંચલાઈ નજીકના વાઘલધરા ગામમાં આ ધોરીમાર્ગને પાર કરવા 210 મીટર લાંબા કોંક્રીટ પુલનું બાંધકામ બીજી જાન્યુઆરી, 2025ના રોજ પૂર્ણ થયું હતું. આ પુલ સંતુલિત કેન્ટીલીવર પદ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.

સુરત અને બીલીમોરા બુલેટ ટ્રેન મથક વચ્ચે નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 48ને પાર કરતા બે PSC બ્રિજ પહેલેથી જ પૂર્ણ થઈ ગયા છે. જેની લંબાઈ અનુક્રમે 260 મીટર અને 210 મીટર છે.

. . . . . . . . . . . . .